# ગુજરાતમાં વધુ ૧૩ કેસ, કુલ ૧૦૮

| અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ | ગાંધીનગર | કચ્છ | ભાવનગર | મહેસાણા | ગીરસોમનાથ | પોરબંદરમાં | પંચમહાલ | પાટણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૫ | ૦૯ | ૧૩ | ૧૦ | ૧૩ | ૦૧ | ૦૯ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૧ |

## એકનું મોત, ચાર ડિસ્ચાર્જ : ગુજરાતમાં લોકલ ટ્રાન્સમિશનથી કોરોનાના નવા કેસોથી ચિંતા વધી

ગાંધીનગર, તા.૪

અમદાવાદ સહિત ગુજરાતમાં કોરોનાના કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થયો છે. આજે વધુ ૧૨ કેસ સપાટી ઉપર આવ્યા હતા. આની સાથે જ કેસોની સંખ્યા વધીને ૧૦૮ ઉપર પહોંચી છે જે પૈકી એકલા અમદાવાદમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા ૪૫ નોંધાઈ છે. આજે અમદાવાદમાં આજે વધુ ૭ સાત કેસો સપાટી ઉપર આવ્યા છે જે પૈકી અમદાવાદમાં લોકલ ટ્રાન્સમિશન મારફતે પાંચ કેસ સપાટી ઉપર આવ્યા છે જે ચિંતા ઉપજાવે તેવી સ્થિતિ છે. કુલ ૧૨ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે ચાર લોકોને સ્વસ્થ થયા બાદ રજા આપી દેવામાં આવી છે. આજે જે ૧૨ કેસ સપાટી ઉપર આવ્યા છે તે મુજબ અમદાવાદમાં ૭ કેસ નોંધાયા છે જ્યારે એક કેસ પાટણમાં, બે કેસ ગાંધીનગર અને બે કેસ ભાવનગરમાં નોંધાયા છે. સૌથી ચિંતાની બાબત એ છે કે, જે ૧૦ કેસ નોંધાયા છે તે પૈકી ૯ કેસ લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા છે. એસવીપી હોસ્પિટલમાં ત્રણ દર્દી દાખલ છે જ્યારે સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં બે દર્દી દાખલ છે. ગુજરાતમાં હવે કોરોનાનો કહેર ખતરનાક, ખૂબ જ ગંભીર અને ચિંતાજનક રીતે વધી રહ્યો છે. આજે રાજયમાં દસ નવા પોઝિટિવ કેસો સામે આવતાં રાજયમાં કોરોના પોઝિટિવના કુલ કેસોના આંક ૧૦૦ને પણ પાર થઈ ગયો હતો અને ૧૦૮ કેસોને આંબી ગયો હતો. પ્રથમ ૮ દિવસમાં ૪૪ કેસ તો બીજા ૮ દિવસમાં ૪૮ પોઝિટિવ કેસ થયાં છે.આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે, રાજ્યમાં આજે ૧૨ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં બે ગાંધીનગર, બે ભાવનગર, એક પાટણ અને ૭ કેસ અમદાવાદમાં નોંધાયા છે. અમદાવાદમાં ખોડિયારનગરની એક મહિલા કે જે વીએસ હોસ્પિટલમાં સફાઈ કર્મી તરીકે ફરજ બજાવે છે, તેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ તમામ કેસો મોટાભાગે લોકલ ટ્રાન્સમિશનના છે. આ સાથે જ રાજ્યમાં કુલ ૧૦૮ પોઝિટિવ કેસો થયા છે. જ્યારે ચાર પોઝિટિવ દર્દીઓ સાજા થઈ જતાં તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગરમાં એક ૮૦ વર્ષીય મહિલા પણ છે. જે કોરોના સામેનો જંગ જીતી ગયા છે. આજે કોરોનાથી એક વ્યક્તિનું મોત નીપજ્યું છે.આ સાથે જ કુલ મૃત્યુઆંક ૧૦એ પહોંચ્યો છે. આજે અમદાવાદમાં એસવીપી હોસ્પિટલમાં દાખલ કરાયેલી મહિલાનું કરૂણ મોત નીપજયુ હતું. આ મહિલાના પતિને કોરોના પોઝિટિવ હતો અને તેનાથી તેણીને ચેપ લાગ્યો હતો. આજે તેણીનું મોત નીપજતાં કોરોનાનો કુલ મૃત્યુઆંક ૧૦નો થયો છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું છે કે, રાજ્યમાં આજે ૧૨ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં બે ગાંધીનગર, બે ભાવનગર, એક પાટણ અને છ કેસ અમદાવાદમાં નોંધાયા છે. આ તમામ કેસો મોટાભાગે લોકલ ટ્રાન્સમિશનના હોવાનું જણાવ્યું છે. આ સાથે જ રાજ્યમાં કુલ ૧૦૮ પોઝિટિવ કેસો થયા છે. આજે જે નવા કેસો સામે આવ્યા છે તેમાં અમદાવાદમાં ૫, ગાંધીનગરમાં ૨, ભાવનગરમાં વધુ ૨ કેસ અને પાટણમાં કોરોનાનો એક કેસ પોઝિટિવ આવ્યો હતો. બીજી બાજુ ગુજરાતમાં કોરોનાના કારણે વધુ એક દર્દીનું મોત નીપજ્યું છે. આજે નોંધાયેલા તમામ કોરોનાના કેસ લોકલ ટ્રાન્સમિશનના છે. અમદાવાદમાં નોંધાયેલા ૫ કેસોની વાત કરીએ તો, આંબાવાડી, નવરંગપુરા, જમાલપુરમાં કોરોનાના કેસ નોંધવામાં આવ્યા છે. અમદાવાદના નવા વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસો આવ્યા છે. જ્યારે ગાંધીનગરમાં નોંધાયેલા બંને કેસ માણસાના છે. ગુજરાતમાં લોકલ ટ્રાન્સમિશનનું જોખમ વધી રહ્યું છે. ગુજરાતના ૧૦૬ કેસ પૈકી ૬૩ કેસ લોકલ ટ્રાન્સમિશનના હોવાનું જાણવા મળ્યું છે. જેમાં સૌથી વધુ લોકલ ટ્રાન્સમિશનના કેસો અમદાવાદ આવ્યા છે.

# ...તો નિઝામુદીન ટ્રેનમાં મુસાફરી કરી કોણે ?

**અહો આશ્ચર્યમ્ ! બાયડના ૨૦ વર્ષ પહેલા નિધન થયેલ શખ્સનું નિઝામુદીન પેસેન્જર લીસ્ટમાં નામ અન્ય એક શખ્સે ક્યારે નાનકડું ગામ પણ છોડ્યું ન હોવા છતાં પેસેન્જર લીસ્ટમાં**

હાલ કોરોના વાઈસરના સંક્રમણનો ભય સમગ્ર વિશ્વને સતાવી રહ્યો છે. સંક્રમણ વધુ ન ફેલાય તે માટે સરકાર દ્વારા અનેક પગલાં લેવામાં આવી રહ્યા છે. બહારથી આવનારા પેસેન્જર ઉપર સતત નજર રાખવામાં આવી રહી છે અને આરોગ્ય વિભાગ દ્વારા તેઓનું સ્ક્રિનિંગ તેમજ કોરોન્ટાઈન કરવાની પણ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. સાથે પોલીસતંત્ર પણ દિવસ રાત જોયા વગર ખડેપગે રોગનું સંક્રમણ ન પ્રસરે તે માટે જહેમત ઉઠાવી રહ્યું છે. ત્યારે ગત ૨૧ માર્ચના રોજ દિલ્હીથી નિઝામુદ્દીન એક્સપ્રેસમાં પરત ફરેલ અરવલ્લીના પેસેન્જરોને કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે નિઝામુદ્દીન એક્સપ્રેસના પેસન્જર લીસ્ટમાં એવા પણ બે નામ છે જેમાંથી એક ૨૦ વર્ષ પહેલાં સ્વર્ગવાસી થયેલ છે અને અન્ય એક શખ્સ નાનકડા ગામથી ક્યાંય ગયો ન હોવાનું જાણવા મળ્યું છે. તો સવાલ એ છે કે આ બંનેના નામ પેસેન્જર લીસ્ટમાં છે અને તેઓ ગયા નથી તો તેમની જગ્યાએ મુસાફરી કરી કોણે ?

સમગ્ર દુનિયા સહિત ભારત દેશને પણ કોરોના વાઈરસે ઝણઝણાવી મુક્યો છે. રોજેરોજ દેશના વિવિધ રાજ્યોમાં નવા નવા કોરોના વાઈરસના કેસ બહાર આવી રહ્યા છે. ત્યારે ગુજરાત પણ તેમાંથી બાકાત નથી અને ગુજરાતમાં અત્યાર સુધી ૮૭ કોરોના સંક્રમીત લોકોના કેસ નોંધાઈ ચુક્યા છે, જેમાંથી ૭ ના મોત પણ થઈ ચુક્યા છે. ત્યારે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર કોરોનાની ઝપેટમાં લોકો ન આવે તે માટે જાત જાતના પ્રયાસો કરી રહી છે. લોકો એક બીજાને ન મળે તે હેતુથી સમગ્ર દેશને લોકડાઉન કરી દેવામાં આવ્યો છે. છતાં કેટલાય લોકો સમજણના અભાવે બિન્દાસ્ત રીતે બહાર ફરી રહ્યા હોવાનું પણ સામે આવે છે. ત્યારે ગુજરાતમાં અન્ય રાજ્યોમાંથી આવતા પેસેન્જરો ઉપર સતત નજર રાખવામાં આવી રહી છે. જે કોઈ પેસેન્જર અન્ય રાજ્યમાંથી આવે તો તેઓનું સ્ક્રિનિંગ સહિત કોરોન્ટાઈન અને જરૂર હોય તો આઈસોલેટ પણ કરવામાં આવી રહ્યા છે.

ગત ૨૧ માર્ચના રોજ દિલ્હીથી નિઝામુદ્દીન ટ્રેન મારફતે અરવલ્લીના કેટલાક પેસેન્જરો આવ્યા હતા. તેઓને આરોગ્ય વિભાગ દ્વારા કોરોન્ટાઈન કરવામાં આવ્યા હતા અને હજુ આગામી ૪ એપ્રિલ સુધી નિઝામુદ્દીન ટ્રેનમાં આવેલ મોડાસા તાલુકાના એક ગામના ૭ વ્યક્તિઓને કોરોન્ટાઈન રાખવામાં આવશે. પરંતુ આતો થઈ અન્ય રાજ્યમાંથી આવેલ વ્યક્તિઓને કોરેન્ટાઈન કરવાની વાત પરંતુ પ્રાણ પ્રશ્ન તો એ છે કે અરવલ્લી જિલ્લાના બે વ્યક્તિઓએ ઉપરોક્ત ટ્રેનમાં મુસાફરી કરી જ નથી તેમ છતાં તેઓના નામ નિઝામુદ્દીનના પેસેન્જર લીસ્ટમાં છે.

બાયડ તાલુકાનો એક શખ્સ ૨૦ વર્ષ પહેલાં મૃત્યુ પામેલ છે છતાં પેસેન્જર લીસ્ટમાં ગત ૨૧ માર્ચના રોજ દિલ્હીથી નિઝામુદ્દીન ટ્રેન મારફતે આવેલ અરવલ્લીના કેટલાક લોકોનું પેસેન્જર લીસ્ટ જાહેર થયું હતું. તેઓને આરોગ્ય વિભાગ દ્વારા શોધીને કોરેન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ આરોગ્ય વિભાગે શોધખોળ કરતાં નિઝામુદ્દીન પેસેન્જર લીસ્ટમાં બાયડ તાલુકાના વાંટડા ગામના પરમાર કાન્તીભાઈ ૨૦ વર્ષ પહેલાં મૃત્યુ પામેલ છે તેમ છતાં તેઓનું પેસેન્જર લીસ્ટમાં નામ છે. જ્યારે આ જ ગામના પરમાર હિતેશભાઈ કોઈ દિવસ બાયડથી આગળ ગયા નથી તેમ વાંટડાના ગ્રામજનોએ જણાવ્યું હતું છતાં આ ટ્રેનના પેસેન્જર લીસ્ટમાં નામ છે. આ બંને વ્યક્તિઓની કોઈ પેસેન્જર હિસ્ટ્રી મળી નથી તેમ આરોગ્ય વિભાગના એક લીસ્ટમાં જણાવાયું હતું અને તલાટી મારફતે વેરીફિકેશન ચાલુ હોવાનું જાણવા મળ્યું હતું.

### બે વ્યક્તિઓએ મુસાફરી કરી નથી તો મુસાફરી કરી કોણે ?

અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં કોરોના સંક્રમીત વ્યક્તિઓ ન આવી જાય અને આવા વ્યક્તિઓને ઓળખી તેઓને યોગ્ય સારવાર આપી શકાય તે માટે ગુજરાત રાજ્ય સરકારે અનેક પ્રયત્નો હાથ ધર્યા છે. ત્યારે બહારથી આવનારા દરેકે દરેક વ્યક્તિઓને ફરજીયાત સ્ક્રિનિંગ કરી ગુજરાતમાં આવ્યા બાદ કોરોન્ટાઈન કરવામાં આવી રહ્યા છે. કોરોન્ટાઈન દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા ચાંપતી નજર રાખીને ઓબ્ઝર્વ કરાય છે. ત્યારે ૨૧ માર્ચની નિઝામુદ્દીન ટ્રેનના લીસ્ટમાં જે બે વ્યક્તિઓના નામ છે તેમાંથી એક હયાત નથી અને એક ક્યાંય ગયો નથી તો આ લોકોના નામે કોઈએ મુસાફરી કરી કે કેમ તે મોટો પ્રશ્ન પેદા થયો છે અને જો કોઈએ મુસાફરી કરી તો તે કોણ છે અને ક્યાં છુપાયા છે તે સવાલ પણ જવાબ માગી લે છે.

## દેશમાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, રાજસ્થાન, તમિળનાડુ, ગુજરાતમાં કેસોની સંખ્યા વધારે રહેલી છે. કેટલાક હોટ સ્પોટ કેન્દ્રો પણ જાહેર કરવામાં આવ્યા છે. કોરોના વાયરસની અસર થયા બાદ સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા વધીને ૨૨૯ સુધી પહોંચી ગઈ છે. યુદ્ધના ધોરણે તમામ પગલા દેશમાં લેવામાં આવી રહ્યા છે. ૨૧ દિવસના લોકડાઉનના ગાળાનો દોર કઠોર રીતે હાલમાં દેશમાં અમલી છે. કેસોની સંખ્યા અને મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. વડાપ્રધાન મોદી સતત એક્શનમાં છે. સીધીરીતે માહિતી દરરોજ ૨૦૦થી પણ વધુ લોકો પાસેથી મેળવી રહ્યા છે. કોરોના વાયરસના કેસો ભારતમાં પણ હવે વધી રહ્યો છે. કોરોનાને રોકવાના હેતુસર સાવચેતીના પગલા લેવાનો સિલસિલો જારી છે. ધાર્મિક સ્થળોને પણ એક પછી એક બંધ કરવામાં આવી ચુક્યા છે. ઐતિહાસિક સ્મારકોને પણ બંધ કરી દેવાયા છે. દેશના તમામ રાજ્યોમાં સ્કુલ કોલેજો, મલ્ટીપ્લેક્સ, સિનેમાહોલ અને મોલને બંધ કરવાની જાહેરાત કરવામાં આવી ચુકી છે. ભારતમાં કોરોનાના વધતા કેસો વચ્ચે તકેદારી સતત વધી રહી છે. કોરોના વાયરસે ૨૯ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સકંજામાં લઈ લીધા છે. સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યા છે. લોકડાઉનના નિયમોને સરળ રીતે પાળવામાં આવે તે જરૂરી છે. ભારત સરકાર તમામ રીતે લોકોને સુરક્ષિત રાખવા માટે માર્ગદર્શિકા વારંવાર જારી કરી રહી છે. તમામ રાજ્યોમાં કોરોનાના કેસો સપાટી પર આવી રહ્યા છે. જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેનાથી ચિંતા વધી ગઈ છે.

## કરોડો દિવડાઓ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘરની લાઈટો બુઝાવી દેશે અને કેન્ડલ, દિપક, ટોર્ચ અથવા તો મોબાઈલની ફ્લેશ લાઈટ જલાવશે. મોદીની આ અપીલ પર સમર્થકો અને વિરોધી વચ્ચે સોશિયલ મિડિયા પર જોરદાર જંગ છેડાયેલો છે. બંને તરફથી જોરદારરીતે તર્ક આપવામાં આવી રહ્યા છે. ઘણા લોકો સમર્થનમાં અને ઘણા લોકો વિરોધમાં દેખાઈ રહ્યા છે. જો કે, અગાઉના અનુભવથી મોટાભાગના લોકો દાવો કરી રહ્યા છે કે, આવતીકાલે પણ મોદીની અપીલની જોરદાર અસર દેખાશે અને રાત્રે નવ વાગે નવ મિનિટ સુધી લાઈટ બંધ કરીને મોદીની અપીલનું પાલન કરશે. હકીકતમાં મોદીએ વિતેલા દિવસોમાં જનતા કર્ફ્યુના દિવસે દેશવાસીઓને સાંજે પાંચ વાગે પાંચ મિનિટ સુધી કોરોનાની સામે જંગના હિરો પ્રત્યે સન્માન વ્યક્ત કરવા તાળી, થાળી વગાડવા માટે કહ્યું હતું. હવે મોદીએ દેશવાસીઓને કોરોનાની સામે જંગમાં એકતાના દર્શન કરાવવા અને કોરોનારુપી અંધકારને ભગાવવા રાત્રે નવ વાગે લાઈટ બંધ કરીને નવ મિનિટ સુધી મીણબત્તી જલાવવા માટે કહેવામાં આવ્યું છે. ઘરના તમામ ઉપકરણોને બંધ કરવામાં આવશે. બીજી બાજુ આ ગાલા દરમિયાન જુદી જુદી અફવાઓ પણ આવી રહી છે. વિજળી ડુલ થવાના સંદર્ભમાં લોકોની જુદી જુદી પ્રતિક્રિયાઓ આવી છે. આ સંદર્ભમાં વિજળી મંત્રાલય તરફથી કહેવામાં આવ્યું છે કે, વિજળી ડુલ થવાની નથી. વિજળી બંધ થશે નહીં તેવી જાહેરાત રાજ્યના ઉર્જામંત્રી સૌરભ પટેલ દ્વારા પણ કરવામાં આવી છે. સાથે સાથે કેન્દ્ર સરકાર તરફથી પણ ખુલાસો કરવામાં આવ્યો છે કે, વિજળી બંધ થશે નહીં. આવતીકાલે નવ વાગે લાઈટો બંધ કરીને તમામ લોકો મીણબત્તી, ટોર્ચ અને મોબાઈલની ફ્લેશ લાઈટો શરૂ કરશે.

## તવાઈ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી રહ્યો છે. બેંક ખાતા, પેન, ટેક્સની વિગતની માંગ કરવામાં આવી છે. પોલીસે તમામ માહિતી ઉપલબ્ધ કરાવવા માટેની સુચના જારી કરી દીધી છે. પોલીસે તેમની પાસેથી આલમી મરકઝ અને તેના નિઝામુદ્દીન સ્થિત હેડ ક્વાર્ટરના ફંડિંગના સોર્સની માહિતી માંગી છે. જમાતે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલો ટેક્સ ભર્યો છે તેમના ખાતામાં ક્યાં ક્યાંથી કેટલા પૈસા આવ્યા છે તેની વિગત માંગવામાં આવી છે. આ તમામ માહિતીની સાથે સાથે તેમની પાસેથી પેનની માંગ પણ કરવામાં આવી છે. મરકઝના પ્રમુક મૌલાના સાદ અને અન્ય છ સભ્યોની પાસેથી એવા વિદેશી અને ભારતીય જમાતી લોકોની યાગી માંગવામાં આવી છે જે લોકોએ મરકઝમાં ભાગ લીધો હતો. ૧૧મી માર્ચથી ૧૩મી માર્ચ દરમિયાન આયોજિત મરકઝમાં ભાગ લેનાર તમામ લોકોની માહિતી માંગવામાં આવી છે. આ ખુબ મુશ્કેલરૂપ બાબત તેમના માટે રહી શકે છે. મરકઝની હરકતના કારણે જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીય વધારો ભારતમાં એકાએક થઈ ગયો છે. પોલીસ હવે આક્રમક રીતે આગળ વધી રહી છે. મરકઝના સભ્યોને પ્રશ્ન કરવામાં આવ્યો છે કે, આટલા મોટા આયોજન માટે વહીવટીતંત્રની મંજુરી લીધી હતી કે કેમ. શું તેમને લેખિત મંજુરી આપવામાં આવી હતી અથવા તો આલમી મરકઝ દ્વારા વહીવટીતંત્ર તરફથી કોઈ અન્ય મામલામાં સંપર્ક કરવામાં આવ્યો હતો. કમિટિ મેમ્બર અને મરકઝના કર્મચારીઓની યાદી પણ હવે પોલીસને સોંપવાની રહેશે. મરકઝને એવી સૂચના આપવામાં આવી છે કે, પહેલી જાન્યુઆરીથી પહેલી એપ્રિલ સુધી ત્યાં યોજાયેલા તમામ આયોજનમાં સામેલ રહેલા લોકોની સંખ્યા, નક્શા અથવા સાઈડ પ્લાન અને સંકુલમાં લાગેલા સીસીટીવી કેમેરાની સંખ્યા અંગે જાણ કરવાની જરૂર રહેશે. ૧૨મી માર્ચ બાદ જે લોકો કાર્યક્રમમાં આવ્યા હતા તેમના ઓડિયો અથવા વિડિયો રેકોર્ડિંગની સાથે સાથે ઓરીજનલ રજિસ્ટર્ડ પણ માંગવામાં આવ્યા છે.

## ટેવાઈ ગયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમછતા સે-૨૪ તેમજ ન્યુ ગાંધીનગરના કેટલાક વિસ્તારના શોપિંગ બજારો વચ્ચે ભીડ જામે છે. જયારે આ વિસ્તારમાં શોપિંગમાં સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાતુ ન હોવાનો રોષ પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. છેલ્લા ૧૦ દિવસથી નાગરિકો સતત ઘરમાં પુરાયેલા છે. ત્યારે બીજીતરફ લોકડાઉન ક્યારે ખુલ્લુ કરાશે તેની સતત ચર્ચાઓ પણ કાને સંભળાઈ રહી છે. લોકડાઉન ખુલ્લુ મુકવાના મામલે અનેક તર્ક વિતર્કો પણ થઈ રહ્યા છે. જો કે છેલ્લા દસ દિવસથી ઘરમાં રહેતા નાગરિકો ફેમિલી લાઈફ એન્જોય કરી રહ્યા છે. ઘરને માંણવાના આ સમયમાં આખુ વર્ષ ઘરની બહાર રહેતા નાગરિકો પોતાના ઘરમાં લાંબા સમયથી પેન્ડીંગ કામો પુરા કરી રહ્યા છે. ઘરકામમાં પણ ગૃહીણીઓને મદદ કરી રહ્યા છે. ઘરમાં સમય પસાર કરવાનો આ ગાળો દરેક નાગરિક માટે યાદગાર સમય બની રહેશે. જયારે સતત ઘરમાં રહેવાની આદત પણ મોટાભાગના નાગરિકોને કેળવાઈ ગઈ છે. અલબત્ત ઈનડોર મોડમાં રહેવાનુ હવે નગરજનોને માફક આવી ગયુ છે.

## વધુ બે કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી આજે બે દર્દીઓ કોરોના મુક્ત થતાં તેમને રજા આપવામાં આવી છે. જેમાં એક સગર્ભા અને એક ૮૦ વર્ષની વૃદ્ધાનો સમાવેશ થાય છે. મળતી હકીકતો પ્રમાણે આ બન્ને દર્દીઓને ગાંધીનગર હોસ્પિટલના વાહનમાં ઘરે મોકલવામાં આવ્યા છે અને તેમને ૧૪ દિવસ સુધી હોમ ક્વોરોન્ટાઈન રહેવાની સૂચના હોસ્પિટલના તંત્ર દ્વારા આપવામાં આવી છે. જિલ્લામાં આજે નોંધાયેલા બે કેસ સાથે લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયેલા કેસોની સંખ્યા ૧૧ થવા પામી છે. જ્યારે બે દર્દીઓ વિદેશ પ્રવાસની હિસ્ટ્રી ધરાવે છે. મળતા નિર્દેશ મુજબ ગાંધીનગર જિલ્લામાં શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં દવા છંટકાવની કામગીરી હાલ પુરજોશમાં ચાલી રહી છે. ગાંધીનગર જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પણ સઘન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ટેલિફોનિક સર્વે પણ હાથ ધરવામાં આવ્યુ છે.

## સાવચેતી રાખો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોરોનાથી સંક્રમિત થયેલી પિનલબેન અને દાદીએ આજે બિમારીમાંથી બેઠા થયા બાદ સોશિયલ મીડીયાના માધ્યમથી નગરજનોને સંદેશો પાઠવ્યો હતો. જેમાં તેણીએ જણાવ્યુ હતુ કે દેશના કોઈપણ નાગરિકે કોરનાથી ડરવાની જરૂર નથી પરંતુ થોડી સાવચેતી રાખવાની જરૂર છે. તેમણે જણાંવ્યુ હતુ કે સિવિલ હોસ્પિટલના તમામ ડોકટર, અધિકારી તેમજ નર્સિંગ સ્ટાફનો સહકાર મળ્યો છે. જયારે સિવિલની ઉમદા સારવારે જ અમે સાજા થયા છે. દેશના દરેક નાગરિકોએ સરકારના નિયમોનુ પાલન કરવુ જોઈએ. સરકારની ગાઈડલાઈનને ફોલો કરવા પણ તેમણે જણાવ્યુ હતુ. જેથી કોરોના વાયરસનો ભોગ બનવુ ન પડે તેણીએ વધુમાં જણાવ્યુ હતુ કે મારા ૮૦ વર્ષના દાદી પણ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થઈ ગયા છે. વડીલ દાદીએ પણ આ તબક્કે જણાંવ્યુ હતુ કે હવે મને કોઈ તકલીફ નથી અમારી સારવાર સેવા સિવિલ હોસ્પિટલે ખુબ સારી કરી છે.

આપણે સુરક્ષિત તો રાષ્ટ્ર સુરક્ષિત
ગુજરાત સરકાર

COVID-19 કોરોના સંક્રમણના આ કપરા કાળમાં
૫૯ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોને વિનામૂલ્યે અન્ન વિતરણ



કોઈ ગરીબ-શ્રમજીવી પરિવારને ભૂખ્યાં સૂવું ન પડે એ માટે રાજ્ય સરકારનો સંવેદનશીલ નિર્ણય

૩.૪૦ લાખ Non-NFSA બીપીએલ કુટુંબોને વિનામૂલ્યે અન્ન અપાશે

- ગરીબી રેખા હેઠળ આવતાં પરંતુ રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા (NFSA) અંતર્ગત આવતાં ન હોય તેવા રાજ્યના ૩.૪૦ લાખ પરિવારોને તેમને મળવા પાત્ર ખાંડ અને મીઠાં ઉપરાંત એપ્રિલ માસ પુરતુ અગ્રતા ધરાવતા કુટુંબોના ધોરણે જ વિનામૂલ્યે ઘઉં, ચોખા અને દાળ પણ આપવાનો રાજ્ય સરકારનો માનવતાભર્યો નિર્ણય. જેના થકી રાજ્યની ૧૫ લાખથી વધુ વસ્તીને લાભ મળશે
- રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા હેઠળ આવરી લેવાયેલા રાજ્યના ૬૬ લાખ પરિવારોમાંથી ૯૦%થી વધુ પરિવારોને વિનામૂલ્યે અન્ન વિતરણ સંપન્ન
- "અન્નબ્રહ્મ યોજના" હેઠળ અત્યંત ગરીબ અને નિરાધાર તેમજ ગુજરાતમાં રોજી-રોટી કમાવવા માટે આવ્યા છે અને રેશનકાર્ડ ધરાવતા નથી તેવા જિલ્લા કલેક્ટરશ્રીએ તૈયાર કરેલ યાદી મુજબના પરપ્રાંતિય નિરાધાર કુટુંબોને પણ અગ્રતા ધરાવતા કુટુંબોના ધોરણે વિનામૂલ્યે અન્ન વિતરણ

રાજ્યમાં કોઈ પણ ગરીબ કે શ્રમજીવી નાગરિકને ભૂખ્યાં પેટે ન સૂઈ રહેવું પડે એ માટે ગુજરાત સરકાર સતત ચિંતિત છે. - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય